પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૫૨ | ૫ માર્ચ, ૨૦૧૭, રવિવાર ; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મણીપુર દેશની રાજનીતિ બદલી દેશે

મણીપુર વિધાનસભાની ૩૮ બેઠકો પર બમ્પર મતદાન થયુ છે. મણીપુરના એક્ટીવિસ્ટ ઈરોમ શર્મીલાએ કહ્યુ હતુ કે મણીપુરના પરીણામો દેશની રાજનીતિની દિશા બદલી નાખશે. કોંગ્રેસ અને ભાજપના ધનબળ સામે પ્રજાનું મનોબળ જીતશે.

### મોદીના રોડ શો માં સપાના ઝંડા

વારાણસીમાં નરેન્દ્ર મોદીના મેગા રોડ શૉ માં હજારો કાર્યકરો જોડાયા હતા. જ્યારે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજન અર્ચન કર્યા બાદ કાફલો ચોકાઘાટ પહોંચ્યો ત્યારે સમાજવાદી પક્ષના ઝંડા લઈ કાર્યકરો ધસી આવ્યા હતા. આ દરમ્યાન બંને પક્ષોના કાર્યકરો વચ્ચે ઘર્ષણના અહેવાલ પણ છે.

# ઉત્તરપ્રદેશમાં છઠ્ઠા તબક્કામાં ૫૭ ટકા મતદાન

## છઠ્ઠા દોર બાદ ૬૩૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ : કુલ એક કરોડ ૭૨ લાખ મતદારો પૈકી ૫૭.૦૩ ટકાથી વધુ મતદારો દ્વારા મતાધિકારનો ઉપયોગ કરાયો

લખનૌ,તા. ૪

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે સાત જિલ્લાની ૪૯ બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં ૫૭ ટકાથી વધુ મતદાન થયું હતું. મતદાનને લઈને પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાંજે પાંચ વાગ્યા સુધી ૫૭ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરી લીધો હતો. હવે ૧૧મી માર્ચના દિવસે ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવશે. અગાઉ ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા તબક્કા માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં જ કેટલીક જગ્યાએ મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. જો કે કેટલાક ભાગોમાં શરૂઆતી સમયમાં ઓછા મતદારો પણ દેખાયા હતા. પાંચમાં તબક્કામાં ઓછુ મતદાન રહ્યા બાદ રાજકીય પક્ષોમાં ઉત્તેજના વધી ગઈ હતી. છઠ્ઠા તબક્કામાં સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી. ગુરૂવારના દિવસે સાંજે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. આજે છઠ્ઠા તબક્કામાં સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવના લોકસભા ક્ષેત્ર આજમગઢ સહિત પૂર્વાંચલના સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે મતદાન યોજાયું હતું. છઠ્ઠા તબક્કામાં સૌથી વધારે ઉમેદવાર ગોરખપુર સીટ પર નોંધાયા હતા. આ સીટ પર કુલ ૨૩ ઉમેદવારો ભાગ્ય આજે મતદાનની શરૂઆત થયા બાદ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. સાત ઉમેદવારના ભાવિ મઉ જિલ્લાની મોહમ્મદબાદ ગોહના સીટ પર ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. સપાના સ્થાપક મુલાયમ સિંહ યાદવના સંસદીય ક્ષેત્ર આજમગઢમાં વિધાનસભાની ૧૦ સીટ પર મતદાન યોજાયું હતું. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં આમાંથી સમાજવાદી પાર્ટીએ નવ બેઠકો જીતી હતી.



● અનુસંધાન પાન-૭ પર

# મણિપુરમાં પ્રથમ ચરણમાં ૮૪ ટકા વિક્રમી મતદાન

## ચોંકાવનારા પરિણામની સંભાવના : ૧૬૮ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ

ઈમ્ફાલ, તા. ૪

મણિપુરમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પ્રથમ તબક્કામાં આજે રેકોર્ડ ૮૪ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.આની સાથે જ ૧૬૮ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. આંકડા મુજબ અહીં ૮૪ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતા રાજકીય પક્ષોમાં ઉત્સુકતા વધી ગઈ છે. ચૂંટણી પંચના કહેવા મુજબ મતદાનની ટકાવારીના આંકડા હજુ પણ વધી શકે છે.



● અનુસંધાન પાન-૭ પર

























